HM Government

# વિન્ડરશ સહાય ટીમ

## અહીં તમારી અને તમારા પરિવારની સહાયતા માટે છે



**જો તમે અથવા તમારા માતા-પિતા ૧૯૭૩ પહેલાં કોઈ પણ કોમનવેલ્થ દેશમાંથી યુ.કે. આવ્યાં હતાં, અથવા તમે ૧૯૮૮ ના અંત પહેલાં કોઈ પણ દેશમાંથી યુ.કે. આવ્યાં હતાં, તો અમે તમારી કાનૂની સ્થિતિ બતાવવા માટેના દસ્તાવેજો મેળવવામાં તમારી સહાય કરી શકીએ છીએ. તમે જે વળતર મેળવવા હકદાર બનતાં હો તેનો દાવો કરવામાં પણ અમે તમારી મદદ કરી શકીએ છીએ.**



## કોને મદદ મળી શકે છે?

જો તમે યુ.કે.માં તમારી કાનૂની સ્થિતિ વિશે મુંઝવણમાં છો અથવા અચોક્કસ છો, તો તમે સહાય મેળવી શકો છો. જો તમારી કાનૂની સ્થિતિ સાબિત નહી કરી શક્યાં હોવાને કારણે તમારે નુક્સાન ભોગવવું પડ્યું હોય તો પણ તમે મદદ મેળવી શકો છો. આ લાગુ પડે છે જો:

- તમે અથવા તમારા માતા-પિતા ૧૯૭૩ પહેલાં કોઈ પણ કોમનવેલ્થ દેશમાંથી યુ.કે. આવ્યાં હતાં
- તમે ૧૯૮૮ ના અંત પહેલાં કોઈ પણ દેશમાંથી યુ.કે. આવ્યાં હતાં
- કેટલાંક પૌત્ર-પૌત્રીઓ અને નિકટનાં કુટંબીજનો પણ વળતર માટે દાવો કરી શકશે.

## યુ.કે.માં રહેવાનો તમારો અધિકાર બતાવવા માટે તમે દસ્તાવેજો કેવી રીતે મેળવી શકો છો?

કેટલાક લોકો કે જેઓ વર્ષો પહેલાં યુ.કે.માં કાયદેસર સ્થાયી થયા હતા તેમની પાસે અહીં રહેવા અને કામ કરવાનો કાનૂની અધિકાર બતાવવા માટેના દસ્તાવેજો નથી. સરકારની વિન્ડરશ સહાય ટીમ વિના મૂલ્યે જરૂરી દસ્તાવેજો મેળવવા માટે લોકોને સહાય પૂરી પાડે છે.

## તમે શેના માટે વળતરનો દાવો કરી શકો છો?

વિન્ડરશ સહાય ટીમ લોકોને વળતરનો દાવો કરવામાં પણ મદદ કરે છે. તમે યુ.કે.માં રહેવાનો તમારો અધિકાર હોવાનું સાબિત નહિ કરી શક્યાં હોવાને કારણે જો તમે નોકરીઓ અને આરોગ્ય સંભાળ જેવી બાબતો ન મેળવી શક્યાં હો, તો તે માટે તમે વળતરનો દાવો કરી શકો.

તમે વળતરનો દાવો કરી શકો જો:

- રોજગાર, રહેઠાણ, આરોગ્ય સંભાળ, શિક્ષણ, બેન્ક સેવા, લાભો અથવા ડ્રાઇવિંગ જેવી બાબતો ગુમાવી દીધી છે
- અસફળ ઈમિગ્રેશનની અરજીને કારણે ખર્ચો થયો હોય
- અટકાયતમાં લેવામાં આવ્યાં હોય, દેશનિકાલ કરવામાં કે કાઢી મૂકવામાં આવ્યાં હોય, અથવા તમારા રોજિંદા જીવન પર અસર પડી હોય

# વિન્ડરશ યોજના દ્વારા જેમને મદદ કરવામાં આવી છે તે લોકોનાં ઉદાહરણો

## ક્રિસ્ટોફર

ક્રિસ્ટોફરના પિતા ૧૯૭૦ માં ગ્રેનાડાથી યુ.કે. આવ્યા હતા. ક્રિસ્ટોફર આઠ વર્ષનો હતો ત્યારે તેની માતા સાથે યુ.કે. આવ્યો હતો. ત્યારથી તે યુ.કે.માં રહે છે. ક્રિસ્ટોફરનાં માતા-પિતા બંને ઘણાં વર્ષો પહેલાં મૃત્યુ પામ્યા હતા. ક્રિસ્ટોફર એન.એચ.એસ. (NHS) માટે કામ કરે છે. ક્રિસ્ટોફરે બ્રિટિશ નાગરિકતા મેળવવા માટે વિન્ડરશ યોજનાની મદદ માંગી.

તેને તેનાં માતા-પિતા વિશેની કેટલીક વિગતો યાદ ન હતી, જેમ કે તેઓ યુ.કે.માં ક્યારે આવ્યાં હતાં અને તેમની સ્થિતિ શું હતી. વિન્ડરશ યોજનાએ ક્રિસ્ટોફર અને તેનાં માતાપિતા વિશેની માહિતી શોધી, જેથી તે સાબિત કરી શકે કે તેને યુ.કે.માં રહેવાની મંજૂરી છે. તેઓને સરકારી રેકોર્ડ્સ મળ્યા કે જે દર્શાવે છે કે ક્રિસ્ટોફરનાં માતા-પિતા તેઓ આવ્યા ત્યારથી યુ.કે.માં રહેતા હતા, અને તેના પિતા અહીં ૧૯૭૩ પહેલા કામ કરતા હતા. આ દર્શાવે છે કે તેના પિતા ૧ જાન્યુઆરી ૧૯૭૩ પહેલાં સ્થાયી થયેલા હતા.

**ક્રિસ્ટોફરને બ્રિટિશ નાગરિકતા આપવામાં આવી.**

## પટ્રિશિયા

પટ્રિશિયા જ્યારે પાંચ વર્ષની હતી ત્યારે ૧૯૬૩ માં તેના માતા-પિતા સાથે જમૈકાથી યુ.કે. આવી હતી. ત્યારથી તે યુ.કે.માં રહે છે. તેની પાસે સાબિત કરવા માટે કશું નહોતું કે તેને યુકેમાં રહેવાની મંજૂરી છે.

પટ્રિશિયાએ વિન્ડરશ યોજનાનો સંપર્ક કર્યો. તેઓએ કેવી રીતે અરજી કરવી તે સમજાવ્યું. તેઓએ તેની સ્થિતિ અને સરકારી નોંધોમાં લાંબા નિવાસના પુરાવા શોધીને તેને મદદ કરી.

**તેને આગળ કોઈ પરીક્ષણો લેવાની જરૂર વિના મફતમાં બ્રિટીશ નાગરિકતા આપવામાં આવી હતી.**

## સંદીપ

સંદીપ ભારતથી યુ.કે. આવ્યો હતો અને ૨૦ વર્ષની વયે ૧૯૭૦ માં અહીં સ્થાયી થયો હતો. તેણે યુ.કે.માં ધંધો સ્થાપિત કર્યો. ૨૦૦૮ માં તે પોતાનાં વૃદ્ધ માતા-પિતાની સંભાળ લેવા ભારત પાછો ગયો. તેણે યુ.કે.માં પોતાનો ધંધો સક્રિય રાખ્યો હતો. તેનાં બે બાળકો અને તેમના પરિવારો હજી અહીં જ રહેતાં હતાં અને તે નિયમિતપણે યુ.કે. આવતો હતો.

જ્યારે સંદીપનાં માતા-પિતાનું ભારતમાં અવસાન થયું હતું, ત્યારે તે યુ.કે. માં રહેવા માટે પાછો આવવા માંગતો હતો. તેને છ મહિનાના મુલાકાતી વિઝા મળ્યા, અને તેણે આવીને સહાય માટે વિન્ડરશ યોજનાનો સંપર્ક કર્યો.

**સંદીપને યુ.કે. સાથેના મજબૂત સંબંધોને કારણે તેને 'રહેવાની અનિશ્ચિત રજા' આપવામાં આવી હતી.**

## ઈવોન

ઈવોન ૭૫ વર્ષની છે અને ૧૯૬૬ માં તેના પતિ સાથે યુ.કે. આવી હતી. તેમને બે બાળકો છે જેમનો જન્મ યુ.કે.માં થયો હતો અને તેઓ હજી પણ અહીં રહે છે. ઈવોન અને તેના પતિ ૨૦૦૮ માં નિવૃત્ત થયા અને નાઈજીરીયા જતા રહ્યા હતા. તે હંમેશાં તેના પરિવારને જોવા યુ.કે. આવતી હતી.

જ્યારે તેના પતિનું અવસાન થયું, ત્યારે ઈવોન તેની પુત્રી સાથે રહેવા માટે યુ.કે. પાછી ફરવા માગતી હતી.

યુ.કે. સાથેનાં તેનાં મજબૂત સંબંધોને કારણે વિન્ડરશ યોજનાની ટીમે ઈવોનને 'પાછા ફરી રહેલ રહેવાસીના વિઝા' મેળવવામાં સહાય કરી હતી. હવે યુ.કે.માં પાછા આવી ગયા પછી તે યુ.કે.માં 'સ્થાયી' છે તે સાબિત કરવા માટે વધુ દસ્તાવેજ આપવામાં આવ્યા છે.

## વધારે જાણકારી મેળવવા માટે વિન્ડરશ સહાય ટીમનો સંપર્ક કરો

તમે અમને જે કંઈપણ કહેશો તે સંવેદનશીલતા સાથે વર્તવામાં આવશે અને
તમારી માહિતી ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટને મોકલવામાં આવશે નહિ.

**મફત હેલ્પલાઈન પર કોલ કરો: 0800 678 1925**

**જુઓ: GOV.UK/WindrushHelpTeam**

**વધારે જાણકારી મેળવવા માટે વિન્ડરશ સહાય ટીમનો સંપર્ક કરો**

**મફત હેલ્પલાઈન પર કોલ કરો 0800 678 1925**

**જુઓ: GOV.UK/WindrushHelpTeam**

તમે અમને જે કંઈપણ કહેશો તે સંવેદનશીલતા સાથે વર્તવામાં આવશે અને તમારી માહિતી ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટને મોકલવામાં આવશે નહિ.